બને. તમારા વિચારોમાં પરિવર્તન આવે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્ને વિશ્વાસઘાત થાય. નોકરીયાત વર્ગને લોન અંગેના પ્રશ્નો ગૂંચવાય. હક્ક મેળવવા માટે તમે અવનવી યોજનાઓ બનાવશો. કૌટુંબિક ઝઘડા રહે. દલાલી કે ધીરધારનો ધંધો કરનારને અણધારી મુશ્કેલીઓ આવે. વડિલવર્ગ તરફથી લાભની આશા નકારી શકાતી નથી. તમારું મનોબળ નબળું પડતું જણાય. ભાગ્ય પરિવર્તન અંગેના કાર્યો પૂર્ણ બને. તમારી આવડતનો લાભ બીજા લઈ જતાં જણાય.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા વ્યયભાવે રહે છે. જે આર્થિક આંતરિક ટેન્શનો રાખે. આર્થિક નુકસાનના અનેક યોગો બને. સટ્ટાકીય કાર્યો કરનારને મોટા નુકસાનના યોગ બને. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી. માનહાનિના અનેક પ્રસંગો બને. પ્રતિષ્ઠા જાળવવા તમારે તનતોડ મહેનતની જરૂર જણાય. પ્રાપ્તિ અને સફળતાનો આનંદ તમે માણી નહીં શકો. આરોગ્ય અને નાણાં બાબતની સમસ્યાઓ સર્જાય. આવક પ્રાપ્તિના માર્ગો બંધ થતા જણાય. અંગત વ્યકિત દ્વારા તમારી વિરુદ્ધ ષડયંત્ર રચાય. આર્થિક મોટા નુકસાનના યોગ બને. મોસાળ પક્ષ સંબંધી તકલીફો રહે. નોકરીયાત વર્ગને તકલીફો કે બદલી થવાના યોગ બને. જીવનની બાજી જીતવા તમે કપટત્વની ભેદરેખા ભૂસી નાખશો. ધનવ્યયના અનેક યોગો બને.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા છઠ્ઠા સ્થાને રહે છે. જે નોકરિયાત વર્ગને અનેક તકલીફો રખાવે. શારીરિક નાની મોટી અનેક મુસીબતો આવે. મોસાળ પક્ષમાં તકલીફો રહે.બેકારવર્ગને નોકરી માટેના પ્રયત્નો નિષફળ જતાં નિવડે. સહકાર્યકરો સાથે અણબનાવ રહે. ગેસ અપચો કે પેટ સંબંધી નાની મોટી તકલીફો રહે. પાચનશકિત સંબંધી તકલીફો રહે.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા અગિયારમાં લાભ ભાવે આવશે. જે અહીં બળવાન બને છે. આર્થિક લાભદાયક કાર્યો થાય. મોટાભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. અંગત વ્યકિત સાથે અણબનાવ રહે. મિત્રોની જામીનગીરીથી દૂર રહેવું. ઓળખાણો દ્વારા થતાં કાર્યો ઓછા થાય. એકસપોર્ટ ઈમ્પોર્ટને લગતા કાર્યોના વ્યવસાયિકોને વિશેષ લાભ થાય. મહેનત વગર કમાઈ લેવાની તમારી ભાવના તમને મુશ્કેલીમાં મુકી દે. સાહસ અને જોખમ શબ્દ સાથે વ્યવસાયિક રમત રમશો તો છેતરપીંડીના ભોગ બનશો.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા પાંચમા સ્થાને આવશે. જે શારીરિક તકલીફોમાં વધારો કરે. શસ્ત્રક્રિયા સંબંધી નાની મોટી તકલીફો રહે. સંતાન સંબંધી તકલીફોથી સંભાળવું. આર્થિક વ્યય વધુ થાય. નાણાં સંબંધી આવશ્યકતાની મર્યાદા ઓળંગશો. સંતાનના અભ્યાસમાં રૂકાવટો આવે. નાણા સંબંધી વ્યવહારથી સાવચેત રહેવું આસુરી પ્રવૃત્તિથી સંભાળવું. વ્યકિતગત નુકસાન ભોગવવાની તૈયારી રાખવી પડશે.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક જીવનમાં અશાંતિ રહે. સંતાન બાબતની તકલીફો રહે. વડિલવર્ગ સાથે મતભેદો રહે. નોકરી કરતી સ્ત્રીઓને સમય તકલીફ કર્તા બને. બઢતી કે પ્રમોશન અંગેના કાર્યમો વિધ્નો તેમજ વિલંબ થાય. આંતરિક-શારીરિક નાની મોટી તકલીફો રહે. દામ્પત્યજીવનમાં માનસિક ટેન્શન રહે. આર્થિક લાભના પ્રસંગો આવવા છતાં તમે યોગ્ય લાભ ન લઈ શકો. પુત્ર સંતાનની ઈચ્છા રાખનારને નિરાશા પ્રાપ્ત થાય. સામાજિક કાર્યો કરતી સ્ત્રીઓને વિરોધ સહન કરવો પડે.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનતનું ફળ નહીંવત મળે. સમય સાચવવાની જરૂર છે. નસીબ સાથ આપતું ન જણાય. નિરાશાવાદી વિચારોથી દૂર રહેવું જરુરી બને. સ્વસ્થ બનશો તો મહેનતનુંયોગ્ય પરિણામ મેળવી શકશો. આર્થિક મુશ્કેલીઓના કારણે હેરાનગતિ થાય. જન્મના ગ્રહો શુભ હશે તો સારી પ્રગતિ મેળવશો. મિત્રોથી સંભાળવું. સમયનો બગાડ કર્યા વગર અભ્યાસમાં ધ્યાન આપવું જરુરી બને.

# સંવત ૨૦૭૨નું રાશિવાર ભવિષ્ય

## (૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)




વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા કર્મ સ્થાને રહેતા તા. ૧૧-૮-૧૬થી તમારા અગિયારમા લાભ ભાવે આવશે. શનિ આખુ વર્ષ તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો અને વચલો તબક્કો લોઢાના પાયે છાતી પરથી પસાર થાય છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા લાભ ભાવે અને કેતુ પાંચમે રહેતા તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા દસમા કર્મ સ્થાને અને કેતુ ચોથા સુખસ્થાને આવશે. મંગળ તમારા લાભ ભાવથી તમારા બીજા ધનસ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા દસમા કર્મસ્થાને રહે છે.જે સામાન્ય ફળ આપે. નવીન ધંધા-વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે. નોકરીયાત વર્ગને નોકરીમાં તકલીફો વધુ રહે. રાજકીય કાર્યકર્તાઓને સમય મધ્યમ ગણાય. પ્રગતિ માટેના ચાન્સ આવવા છતાં તેનો લાભ ન લઈ શકો. પિતા તરફથી વ્યવસાયિક લાભો મળે. સ્થાવર વૃદ્ધિના યોગ બને. કાળની કસોટી પાર થઈ ગયાનો અનુભવ કરશો. જન્મના ગ્રહોનો સાથ નહીં હોય તો કંઈ ગુમાવવાનો વારો આવે. નુકસાન અને નિષ્ફળતા નિશ્ચિત હોવા છતાં નાણાં પ્રાપ્તિની તૃપ્તિ કરી શકશો. આવશ્યક એવી રાજકીય સહાયતા મળે. વ્યવસાયિક કાર્યોમાં પ્રગતિ સારી થાય. આત્મબળ અને મહેનત મુજબ નવીન ધંધાનો વિકાસ કરી શકશો. વ્યવસાયિક પ્રગતિ સારી થાય.

તા. ૧૧-૮-૧૬થી ગુરુ તમારા અગિયારમાં લાભ ભાવે આવશે. જે શુભ ફળદાયી ગણાય. નોકરીયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ સારા મળે. આવક વૃદ્ધિના પૂર્ણયોગ બને. આંતરિક માનસિક પ્રસન્નતામાં વધારો થાય. આધુનિક સુખ સાધનોની પ્રાપ્તિના પૂર્ણયોગો બને. શત્રુઓ પર વિજય મળે. સંતાનોનો વિકાસ થાય. યશ-માન-પ્રતિષ્ઠાના પૂર્ણયોગ બને. ધંધા-વ્યવસાયિક મુસાફરીમાં સંભાળવું. લાંબી મુસાફરી તકલીફ કર્તા બને. નોકરીયાત વર્ગને ઉચ્ચ પદવીની પ્રાપ્તિ થાય. શત્રુઓ પર વિજય મળે. આર્થિક સદ્ધરતા માટેની નવી યોજનાઓ લાભ આપે. લાંબા સમય માટેનું કરેલ મૂડી રોકાણ લાભદાયી નિવડે. મોટા ભાઈ-ભાંડુ તરફથી લાભ થાય.

શનિ આખુ વર્ષ તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો લોઢાના પાયે છાતી પરથી પસાર થશે. આંતરિક-માનસિક અશાંતિ રહે. વધુ મહેનત-પરિશ્રમ છતાં સફળતા નહીંવત મળે. આર્થિક લાભો દૂર થતાં જણાય. અર્થોપાર્જન અંગેના કાર્યો પૂરા ન થતાં જણાય. કર્મનો બોજો વધતો જણાય. સામાજિક પ્રતિષ્ઠા ઓછી થતી જણાય. યશ-પ્રતિષ્ઠા વધે. વિદેશ પ્રવાસના યોગ બને. મહેનત-પરિશ્રમનું ફળ નહીંવત મળતું જણાય. ભાઈ-ભાંડુ સાથે મનદુઃખ કે વૈચારિક મતભેદો રહે. ચિંતા અને ભયના વાદળોથી તમે ઘેરાયેલો રહેશો. માનસિક અસ્થિરતાના કારણે કોઈ ઉતાવળીયું પગલું ન ભરાઈ જાય તેની કાળજી રખવી. ગુપ્તાંગ સંબંધી શસ્ત્રક્રિયા કે મસ્તકપીડાને લગતી તકલીફો રહે. દામ્પત્યજીવન અંગેની નાની-મોટી તકલીફો રહે.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. જે અણધાર્યા લાભો અપાવે. મોટા ભાઈ-ભાંડુથી લાભની આશા નકારી શકાતી નથી. અંગત વ્યકિત સાથે અણબનાવ રહે. મિત્રોની જામીનગીરીથી દૂર રહેવું. એકસપોર્ટ-ઈમ્પોર્ટના વ્યવસાયિકોને વધુ લાભ થાય. ઓછી મહેનતે વધુ કમાવાની તમારી ઈચ્છા તમને પરેશાનીમાં મૂકી દે. મર્યાદા ઓળંગાઈ ન જવાય તેની કાળજી રાખવી. તમારા પોતાના જ દ્વારા તમે છેતરપીંડીના ભોગ બનશો. નાણાંકીય વ્યવહાર જાળવવો જરુરી બને. બેકાર વર્ગને નોકરી પ્રાપ્તિના યોગ બને.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમા સ્થાને રહે છે. જે શારીરિક તકલીફો વધારે. પેટ-આંતરડા સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને. સંતાન અંગેની તકલીફો રહે. તમારામાં સ્વાર્થવૃત્તિ વધે. સંતાન સાથે મનદુઃખના પ્રસંગો બને. આર્થિક પ્રાપ્તિમાં ઘટાડો થતો જણાય. બિમારી પાછળ વધુ ખર્ચ થાય. નાણાંકીય આવશ્યકતાની નિશ્ચિત મર્યાદાને તમે ઓળંગશો. નાણા સંબંધી વ્યવહારમાં સાવચેતી રાખવી.

તા. ૨૯-૧-૧થી રાહુ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે ધંધા-વ્યવસાયિક અસ્થિરતા લાવે. ઉતાવળીયું પગલું તમને મુશ્કેલીમાં મુકી દે. અહીં તમે કળિયુગ કાર્યપદ્ધતિ અપનાવી છેતરપીંડીના ભોગ બનશો અને નુકસાન ભોગવશો. નાણા સંબંધી તીવ્ર મુશ્કેલી અનુભવશો. જાહેર કાર્યકર્તાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. અપયશના ભોગ બને. વડિલવર્ગ સાથે મનદુઃખના પ્રસંગો બને. તમારી વિચારધારા તમને સાત્વિક નહીં રહેવા દે. નાણા સંબંધી સમસ્યાઓ તમને પરેશાન કરી દે. તમે ક્રમમાંથી છુટવાની નિષ્ફળ કોશિષો કરશો. જૂની ઉઘરાણી ફસાઈ જવાના યોગ બને. આવક વૃદ્ધિની તમારી ગણતરી ખોટી પડતી જણાય. નવીન પ્રવૃત્તિઓનું ફળ લાંબા ગાળે મળતું જણાય.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા ચોથા સુખ સ્થાને આવશે. જે આંતરિક-સાંસારિક ઉપાધિમાં વધારો કરે. સ્થાવર અંગેના કાર્યો કે તેને લગતા પ્રશ્નો ગૂંચવાય. વિરોધીઓ સાથેની ખટપટો વધે. કૌટુંબિક ઉગ્રતામાં વધારો થાય. અંગત વ્યકિતઓ સાથે અણબનાવ રહે. ખર્ચને કાબુમાં રાખવાના તમારા પ્રયત્નો નિષ્ફળ નીવડતા જણાય. કાનૂની પ્રશ્નોમાં અવરોધો આવે. ખોટા ખર્ચમાં વધારો થાય. આંતરિક અશાંતિ વધુ રહે. સ્થાવર અંગેના કાર્યોમાં અવરોધો આવે.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. તમારી જવાબદારીમાં વધારો થાય. કાર્યભાર વધવાની સાથે માનસિક ટેન્શન વધે. તમારા વ્યકિતત્વની જાળવણી કરવાનું મુશ્કેલ બને. તમારો આત્મવિશ્વાસ ઘટતો જણાય. સંતાન માટે સમય કષ્ટદાયી રહે. અહીં મેળવ્યા કરતાં ગુમાવવું વધુ પડે. નાણાંકીય નુકસાનના યોગ નિશ્ચિત છે. તમારા આયોજનમાં યોગ્ય પરિવર્તન આવે. નાણાં સંબંધી નુકસાન નિશ્ચિત છે. પેટ-આંતરડા સંબંધી નાની-મોટી તકલીફો રહે. સામાજિક કાર્યો કરતી સ્ત્રીઓએ સંભાળવું. કાનૂની પ્રશ્નો તમારો પીછો કરતાં જણાય. નોકરી કરતી સ્ત્રીઓએ સંભાળવું.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. સંયમ-પૂર્વકના આત્મવિશ્વાસ છતાં સારી સફળતા ન મળે. અભ્યાસ પરત્વે તમારું મન અસ્થિર બને. વિદ્યાપ્રાપ્તિમાં વિલંબ બાદ સફળતા મળે. મિત્રો તરફથી સાથ સહકાર સારો મળે ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા ફળીભૂત થતી જણાય. નવા સંબંધો લાભદાયી નીવડે.

## (૯) ધન રાશિ : (ભ.ધ.ફ.ઢ.)

વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા નવમા ભાગ્ય ભાવે રહેતાં તા. ૧૧-૮-૧૬થી તમારા દસમા કર્મસ્થાને આવશે. શનિ આખુ વર્ષ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતીનો પ્રથમ તબક્કો તાંબાના પાયે માથા પરથી ચાલે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા દસમા




કર્મસ્થાને અને કેતુ ચોથા સુખસ્થાને રહેતા તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે અને કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. મંગળ તમારા કર્મસ્થાનથી તમારી રાશિ સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જે ભાગ્યવૃદ્ધિની તકો બનાવે. તમારી જીવનશૈલીમાં પરિવર્તન આવે. વ્યવસાયિક કાર્યો કરનારને ફળ સારું મળે. પ્રગતિની અનેક તકો આવે. તમે યોગ્યલાભ ન લઈ શકો. એકસપોર્ટ-ઈમ્પોર્ટના વ્યવસાયિકોને અંતરાયો આવે. ધંધા-વ્યવસાયિક મુસાફરી તકલીફોવાળી નિવડે. કાનૂની કાર્યકર્તાઓને લાભની શકયતા નકારી શકાતી નથી. તમારા આત્મબળ અને મહત્વાકાંક્ષામાં વધારો થાય. ધાર્મિક-માંગલિક પ્રસંગો બને. વ્યવસાયિક મુસાફરી લાભદાયી નિવડે. સંતાન પ્રાપ્તિ માટેની ઈચ્છા પૂર્ણ થતી જણાય. લાભદાયી નવીન યોજનાઓ ઘડાય. ધાર્મિક યાત્રા-પ્રવાસ સારો થાય. નાણાંકીય વૃદ્ધિના પૂર્ણયોગ બને. ભાઈ-ભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય.

તા.૧૧-૮-૧૬થી ગુરુ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે શુભાશુભ ફળ આપે. નોકરીયાત વર્ગને નોકરીમાં તકલીફો રહે. ધંધા-વ્યવસાયિક સફળતા સારી મળે. નવીન ધંધાકીય કાર્યો થાય. વડિલ વર્ગ તરફથી લાભની આશા નકારી શકાતી નથી. કૌટુંબિક ઉન્નતિના પૂર્ણયોગ બને. કંઈક મેળવવા જતાં કંઈક ગુમાવવું પડે. જુની ઉઘરાણી પરત આવે. પ્રગતિ માટેના અનેક ચાન્સ આવે. કેટલાક મહત્વના કાર્યો પાર પડે. કૌટુંબિક ધનસપંત્તિના યોગ સારા બને. લાંબા સમયથી ચાલતી મનોવેદનાનો અંત આવે. વડિલ વર્ગ તરફથી લાભ થાય. કર્મનો બોજો ઓછો થતો જણાય. નોકરીયાત વર્ગને અણધાર્યા લાભો મળે. પ્રગતિ માટેના અનેક ચાન્સ આવે. હારની બાજીને જીતમાં ફેરવવાની કોશિષ કરશો.

શનિ આખુ વર્ષ તમારા બારમા વ્યસસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો પ્રથમ તબકકો તાંબાના પાયે માથા પરથી ચાલે છે. આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધુ રહે. ધનવ્યયના અનેક યોગો બને. આર્થિક બાબતે નાના-મોટા ટેન્શનો રહે. સામાન્ય એવી સફળતા તમારામા ઘમંડ પેદા કરે. નોકરીયાત વર્ગને અનેક સારા-નરસા અનુભવો થાય. હિતશત્રુઓથી વિશ્વાસઘાતના યોગ બને. સામાજિક સંબંધો પરનો કાબૂ રાખવો જરૂરી બને. તમે શાંતિશબ્દને ભૂલી જશો. તમે માનવતાવાદી ભાવનાથી કર્મ કરશો અને અનેક વખત જાવક-નિષ્ફળતા-નુકસાન જેવા સંદર્ભમાં ફળ મેળવશો. તમે કર્મના ફળને ભાગ્ય દ્વારા ભોગવવાની કોશિષ કરશો. મૈત્રી સંબંધોમાં દગો થવાના યોગ બને. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન નકારાત્મક સાબિત થાય. તમે અહીં એક ગુપ્ત પ્રકારના બંધનોમાં બંધાતા જશો.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે યોગ્ય ફળ આપી શકતો નથી. ધંધા-વ્યવસાયિકોને અસ્થિરતાના યોગ બને. તમારી શકિત અને અહંકારની પરીક્ષા થશે. ભૌતિક જીવનનો મોહ તમને મુકત થવા નહીં દે અને ત્યાગની જવાળાઓ તમને ભોગવવા પણ નહીં દે. સામાજિક કાર્યકર્તાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. નવીન સાહસ કરવાની પ્રેરણા મળે. નાણાં સંબંધી સમસ્યાઓ ગૂંચવાય. વડિલ વર્ગને મોટી બિમારીના યોગ બને. કૌટુંબિક અપયશ વધુ મળે. તમારા માન-સન્માનને ઠેસ પહોંચે તેવા પ્રસંગો બને. તમારામાં આત્મવિશ્વાસ વધે. કૌટુંબિક કાર્યોમાં વિધ્નો આવે. તમે નવી જીવનપદ્ધતિને અપનાવશો.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા ચોથા સુખસ્થાને રહે છે. તમને ભૌતિક અને આધ્યાત્મિક ભેદની વચ્ચે જીવવાની તક મળશે. તમારે સતત કર્મવાદી




